# પોતાના વ્યવસાયમાં વ્યસ્ત છતાં હોબી છે મસ્ત...

# ... ક્યોંકી શોખ બડી ચીઝ હૈ

આપણે ઘણી વખત આપણી આજુબાજુ નજર કરીએ ત્યારે એવી વ્યક્તિઓ મળી જાય છે જેને કોઈને કોઈ પ્રકારનો શોખ હોય જેમકે, ફોટોગ્રાફી, સિગિંગ, કુકિંગ પણ ઘણીવાર વ્યક્તિને પાછળથી પોતાની હોબી વિશે ખ્યાલ આવે. તમે તે વ્યક્તિને વધારે નજીકથી જાણવાની કોશિશ કરશો તો આશ્ચર્યમાં ગરક થઈ જશો કેમકે તે વ્યક્તિનું પ્રોફેશન જુદું જ હોય છે. જ્યારે પ્રોફેશનમાં વ્યક્તિ ઠરીઠામ થઈ ગઈ હોય પોતાના હાર્ડ વર્કિંગથી એટલા પૈસા બનાવી લીધા હોય કે હવે તે વ્યક્તિની પાસે એટલો સમય છે કે તે પોતાના શોખને આપી શકે છે. પોતાના બિઝી શિડ્યુલમાંથી પણ પોતાના શોખ માટે ટાઈમ મેનેજમેન્ટ કરીને સમય કાઢવાનું શરૂ કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ડૉક્ટર કે જેમનો મોટાભાગનો સમય દર્દીની સારવારમાં જતો હોય તે કોફી બનાવતા શીખે છે, પોતે બનાવેલી કોફી મિત્રોને પીવડાવીને એક અનોખી ખુશી મેળવે છે. ઉચ્ચ હોદ્દા પરની વ્યક્તિ માટે પોતાના માટે સમય કાઢવો મુશ્કેલ હોય તેવા સમયે તે નવા શોખ શીખે છે તો ત્યારે તેઓ કઈ રીતે ટાઈમ મેનેજમેન્ટ કરે છે, પોતાનો શોખ ડેવલપ કરવા કેટલો ખર્ચ કરે છે, આ શોખમાંથી તેઓ શું શીખે છે? તેના વિશે જાણીએ...

CREATIVE માઈન્ડ્સ



## ઘરના કિચનમાં અને ઓફિસમાં પણ કોફી સેટઅપ ઉભા કર્યા છે : ડૉ. પ્રભાકર સિંઘ, એમ્બ્રિયોલોજિસ્ટ

ડૉ. પ્રભાકર સિંઘ શહેરના જાણીતા એમ્બ્રિયોલોજિસ્ટ છે. તેમણે તેમની મેડિકલ પ્રેક્ટિસના 12 વર્ષ બાદ કોફી બનાવવાનો શોખ ડેવલપ કર્યો. તેમણે જણાવ્યું કે મને આ શોખ 6 વર્ષથી છે. મેં 2018-19માં કોફી પીવાનું શરૂ કર્યું. મેં જ્યારે કોફી પીવાનું શરૂ કર્યું એ વખતે સિટીમાં બહુ ઓછા કોફી શોપ હતાં. મેં એક કોફી શોપમાં સરસ કોફી ટેસ્ટ કરી ત્યારે મને રિયલાઈઝ થયું કે બહુ સારો સ્વાદ છે. ત્યાર પછી હું બીજા કોફી લવર્સને મળ્યો કોફી વિશે ઈન્ટરનેશનલી જોયું, ત્યારે મને ખ્યાલ આવ્યો કે આપણે તો એક જ પ્રકારની કોફી પીતા હતા જ્યારે હકીકતમાં તો 40-50 ટાઈપની કોફી મળે છે અને મને ઈન્ટરેસ્ટ પડવા લાગ્યો. ઈન્ડિયાની કોફી, ઈથોપિયા, કેન્યાની કોફી આ બધામાં શું ફરક છે, તે કેવી રીતે પ્રોસેસ થાય છે અને બને છે તેના પર રીડિંગ શરૂ કર્યું પછી મને લાગ્યું કે કોફીની તો એક આખી અલગ જ દુનિયા છે. મેં કોફી બનાવવાની 6-7 મેથડ ઘરે ટ્રાય કરી. હું તો હોમ બરીસ્તા બની ગયો. મેં ઘરમાં એક અને ઓફિસમાં કોફી સેટઅપ ઉભું કર્યું. આ ખર્ચાળ શોખ નથી મને ઈકવીપમેન્ટ વસાવા માટે 25 હજાર રૂપિયા ખર્ચ થયો. ઘરે ફ્રેન્ડ્સ આવે તો તેમને હું મસ્ત કોફી પીવડાવું. મારા મિત્રો કશે બહારની કન્ટ્રીમાં ગયા હોય તો ત્યાં કોફી શોપમાં જાય ત્યારે મને યાદ કરે અને મારા માટે કોફી 200-250 ગ્રામ પેક કરાવે. ફ્રેન્ડ્સ તે કોફી લાવે એટલે હું જાતે બનાવી મિત્રોને પીવડાવું અને તે કોફી વિશે ચર્ચા કરીએ. મારી આ હોબી એવી છે કે તેમાં વધારે સમય નહીં જોઈએ. 10 મિનિટમાં સરસ કોફી બની જાય. રોજ સવારનો એક કલાકનો મારો પોતાનો સમય હોય ત્યારે હું કોફી બનાવતા તેને શાંતિથી પીતા પીતા આજના દિવસમાં શું કરવું છે તે વિચાર મંથન કરું. ગઈકાલે જે જે બન્યું તેની પર એનાલિસિસ કરું. ઓફિસમાં 5-10 મિનિટનો સમય મળે ત્યારે જાતે કોફી બનાવી લઉ.



## 20-22 લાખ રૂપિયાના ફોટોગ્રાફી ઈકવીપમેન્ટ વસાવ્યા છે : રાહુલ ગાયવાલા, એન્જીનીયરીંગ કમ્પનીના CEO

રાહુલ ગાયવાલા ડાયમંડ, 3D પ્રિન્ટિંગ, ઈન્ડસ્ટ્રીયલ લેસર એન્જીનીયરીંગ કમ્પનીમાં CEO છે. તેમણે જણાવ્યું કે મને બાળપણથી કેમેરા પ્રત્યે, ફોટોગ્રાફી પ્રત્યે પ્રેમ હતો પણ કેરિયર પર વધારે ફોક્સ હતું. 1993માં CEO બન્યા બાદ 2011માં મેં મારો શોખ ડેવલપ કર્યો. પહેલો પ્રોફેશનલ કેમેરા 2011માં લીધો. આ શોખ તરફ કઈ રીતે વળ્યાં તેના વિશે જણાવતા કહ્યું કે મારા ફાધરને પેઈન્ટિંગનો શોખ હતો. પપ્પા અમને બાળપણમાં ફોટોગ્રાફ પરથી પેન્સિલ શેડિંગથી સ્કેચ કરવાનું કહેતા, બસ ત્યારથી કેમેરા અને ફોટોગ્રાફી માટે પ્રેમ થયો. ફોટોગ્રાફી એટલે ફોટો ખેંચવો એટલુ જ નથી પણ તેમાં અનયુઝવલ વસ્તુના ઓબ્ઝર્વેશનની કેપેસિટી ડેવલપ થાય. ઓબ્ઝર્વેશન સ્કીલ્સ મને મારા પ્રોફેશનલ લાઈફમાં પણ કામમાં આવી રહી છે. પ્રોફેશનમાં નવું નવું ઈનોવેશન કરવાનું હોય તેમાં ઓબીઝર્વેશનની કેપેસિટી જરૂરી હોય છે. હું એક સ્ટુડિયો ખોલી શકું એટલા ઈકવીપમેન્ટ મારી પાસે છે. ત્રણ કેમેરા, પોણો ડઝન એક્સપેન્સિવ લેન્સિસ બોડી મળીને 20-22 લાખ રૂ. ના ઈકવિપમેન્ટ્સ છે. લેન્સ ગ્લાસના બનેલા હોય એટલે અમે ઘણી વખત મજાકીય સ્વરૂપમાં કહીએ કે અમે એક્સપેન્સિવ ક્રોકરી બાય કરીએ છીએ. ફોટોગ્રાફીના શોખ માટે ટાઈમ મેનેજમેન્ટ જરૂરી છે. પોતાના માટે સમય કાઢતા હોઈએ ત્યારે આ એક્ટિવિટી કરી લઈએ. વળી, મારે ઘણું ટ્રાવેલિંગ કરવાનું આવે છે તે દરમિયાન મને મારા આ ફોટોગ્રાફીના શોખને જાળવી રાખવા માટે તક મળે છે.

## વકીલાતમાંથ ફૂરસદ શોધી શાયરી, સ્ક્રિપ્ટ, નોવેલ પણ લખું છું : રોહન પાનવાળા, ક્રિમિનલ લોયર





રોહન પાનવાળા ક્રિમિનલ લોયર છે. તેઓ એવી પ્રતિભા છે જે અદાલતમાં દલીલ કરે છે, શોર્ટ ફિલ્મ બનાવે છે, શાયરી કરે છે, કવિતાની રચના તો સ્કૂલ સમયથી કરતા. ફિલ્મોની સ્ક્રીપ્ટ અને નોવેલ પણ લખી. ઉર્દૂમાં શાયરી તરફ કઈ રીતે વળ્યાં તે વિશે જણાવતા તેમણે કહ્યું કે, હું 20 વર્ષથી વકીલાત કરું છું. 2010-2011થી શેરો શાયરીનો શોખ ડેવલપ થયો. મને ઉર્દુ શાયરી વાંચવાનો અને સાંભળવાનો શોખ હતો. મને થયું કે ગઝલ રાઈટિંગમાં પડવું જોઈએ પછી સુરતમાં કેટલાંક શાયરોને મળ્યો. 2017માં દિલ્હીમાં જશ્ને રેખ્તામાં ગયો ત્યાં શાયરોને મળ્યો. ઉર્દૂના વર્ડ સમજવા તેમનો અર્થ સમજવા ઘણું વાંચ્યું, ઈન્ટરવ્યૂ સાંભળ્યા અને શાયરી કરતા શીખ્યો. ધીરે ધીરે મને ઈવેન્ટ્સમાં આમંત્રણ મળવા લાગ્યા. જશ્ને રેખ્તાની કોમ્પિટિશન જીત્યો અને મને સ્ટેજ પર બોલવાનો મોકો મળ્યો. મેં સુરતમાં 5-6 મુશાયરા કરાવ્યા. મારા આ શોખો પાછળ હું 10-12 લાખ રૂપિયા ખર્ચ કરી ચૂક્યો છું. શેર તો ગમે ત્યારે મગજમાં આવી જાય એટલે હું તે તરત લખી લઉ અથવા મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરું એટલે આ શોખ પાછળ સ્પેશ્યલ ટાઈમ મેનેજમેન્ટ કરવાની જરૂર નથી પડતી. અંગ્રેજીમાં જે નોવેલ મારા પપ્પા કિરીટભાઈ પાનવાળા સાથે મળીને લખી તે માટે કોવિડના સમયમાં શનિવારે રવિવારે સમય મળી જતો અને લોનાવલા જઈને ત્યાં નોવેલ લખવાનું બાકીનું કામ પૂરું કર્યું હતું. હું એવું માનું છું કે જે માણસ બિઝી હોય ને તે જ વધારે કામ કરી શકે. નવરો માણસ કંઈ ના કરી શકે.

### અનોખા અંદાજમાં દિવાળી સેલિબ્રેશન

# ખાય ફટકડા ચોકલેટ, ફ્રૂટ્સ બાસ્કેટથી પાર્ટી બનાવે જયૂસી

હવેની જનરેશન ફેસ્ટિવલ્સને અનોખી રીતે સેલિબ્રેટ કરતી હોય છે. સ્વિટ્સ કરતા ચોકલેટ અને ડ્રાયફ્રૂટ્સ વધારે પસંદ કરાય છે. ચોકલેટમાં પણ દિવાળીની ફીલિંગ્સ આવે તેનું અટ્રેક્શન અત્યારની જનરેશનમાં છે. ચોકલેટ એવી ડિઝાઇનમાં તૈયાર કરાઈ રહી છે કે તેને જોતા તે ખાઈ શકાય કે કેમ તેવો પ્રશ્ન મનમાં ઉદ્દભવે. ફિટનેસ પ્રત્યે અવેર કરનારી વ્યક્તિ જ્યારે દિવાળી પાર્ટી હોસ્ટ કરે ત્યારે હેલ્થ ફીક લોકો એમાં પણ હેલ્થનું ધ્યાન રાખી લે છે. ડેરી પ્રોડક્ટ્સ અવોઇડ કરતા વીગન લોકો પણ આઈસ્ક્રીમનો સ્વાદ લઈને દિવાળી સેલિબ્રેટ કરે છે તો તે કેવી રીતે, બીજા ક્યા અનોખા અંદાજમાં દિવાળીનું સેલિબ્રેશન થઈ રહ્યું છે? તે તમામ નો જવાબ તમે આ આર્ટિકલના માધ્યમથી જાણી લો...



### આ ચોકલેટ છે કે ફટાકડા?

LifeStyle Trends

તમે કલ્પના પણ નહીં કરી શકો એવી ચોકલેટ માર્કેટમાં આકર્ષણ જમાવી રહી છે. તે છે મલ્ટી કલર્ડ ફટાકડાની ડિઝાઈનમાં ચોકલેટ. ભોંય ચકરડી, સુતળી બૉમ્બ, કોઠી, લવિંગિયા ફટાકડાની ડિઝાઈનમાં ચોકલેટ ખાસ તો બાળકોને અટ્રેક્ટ કરે છે. ફટાકડા રેડ, ગ્રીન, બ્લ્યુ, યેલો વગેરે કલરમાં હોય છે આવી ચોકલેટસ એવી રીતે બનાવાય છે કે એને જોઈને લાગે કે આ ફટાકડા જ છે અને ખાવુ કે ન ખાવું.




### વીગન લોકો માટે સ્પેશ્યલ દિવાળી થાળી જેમાં છાશ પણ કોકોનટ મિલ્કની હોય

નિસર્ગ દોશીએ જણાવ્યું કે દિવાળી પર મોટાભાગે ઈન્ડિયન ફૂડ ખાવાનું જ પ્રિફર કરાતું હોય છે. વીગન લોકો માટે ડેરી પ્રોડક્ટ્સ ફ્રી થાળીનો ટ્રેન્ડ લાવવામાં આવ્યો છે. આ થાળીમાં છાશ કોકોનટ મિલ્કની બનેલી અને દહીં હમસ અને પીનટનું બનેલું. પાન આઈસ્ક્રીમ હેઝલનટ અને બદામના દૂધમાંથી બનાવાશે. આ થાળી લંચ અને ડિનરમાં અલગ અલગ વીગન વાનગીઓ સાથે હશે. વીગન લોકો માટે સ્પેશ્યલ કૂકીઝ, બ્રાઉની અને આઈસ્ક્રીમ પણ તૈયાર કરાયા છે.



### ગુલાબ, ડેઝી, ઓર્કીડ વગેરે રિયલ ફ્લાવર્સના ડેકોરેટિવ તોરણ

દિવાળી 5 દિવસનો ફેસ્ટિવલ હોય. આ દરમિયાન ઘરોમાં આર્ટિફિશ્યલ ફ્લાવર્સના તોરણ વગેરેથી ડેકોરેશન તો વર્ષોથી કરાય છે. વળી હવે તો રિયલ ફ્લેવર્સની રંગોળી અને રિયલ ફ્લાવર્સના બુકેથી ઘરનું ડેકોરેશન કરાતું હોય છે. ઓર્કીડ, ટગર, ગલગોટા, જીપ્સી, ગુલાબ વગેરે ફુલોના તોરણનો ટ્રેન્ડ જોવા મળે છે. આવા તોરણ ઘરની સુંદરતા તો વધારે છે સાથે મહેક પણ ફેલાવે છે.

### ટ્યુલિપના ફૂલોની ડિઝાઇનમાં કેન્ડલ્સ ઘરની સુંદરતા વધારે છે



આસ્કા દેસાઈએ જણાવ્યું કે ટ્યુલિપના ફૂલો દેખાવે ખૂબ જ આકર્ષક હોય છે. રેડ, યેલો, પિંક, ઓરેન્જ અને પર્પલ કલરમાં મળતા આ ફૂલોની ડિઝાઇનમાં કેન્ડલ્સનો ટ્રેન્ડ આ વર્ષે જ જોવા મળી રહ્યો છે. વેક્સ અને ફેગરન્સ એડ કરી આવી કેન્ડલ્સ બનાવાય છે. અલગ અલગ શેપના રેઝીનના દિવાથી રોશની ફેલાવવાનું પણ હવે પસંદ કરવામાં આવી રહ્યું છે. આ દીવા ખૂબ જ સુંદર દેખાતા હોય છે.



### કેન્ડલ ફ્લાવર્સ બુકે વધારે છે રોશની અને ફ્રૂટ્સના બુકે હોય છે ફેન્સી

દિવાળીનો ઝગમગાટ કેન્ડલ ફ્લાવર્સથી વધારવામાં આવી રહ્યો છે. પિંક, રેડ, યેલો, બ્લ્યુ, લેવેન્ડર આવા કલરની કેન્ડલ્સને ફ્લાવર્સના શે પ આપવામાં આવે છે. આવા કેન્ડલ ફ્લાવર બુકે બનાવવાનો ટ્રેન્ડ નવો જ છે. હવે તો એક્ઝોટીક ફ્રૂટ્સ જેમકે ડ્રેગન ફ્રૂટ્સ, કિવી અને આપણે ત્યાં મળતા ફ્રૂટ્સ જેમકે કેરી, કેળા, એપલ, રેડ ગ્રેપ્સ, સંતરા આ ફ્રૂટ્સના બુકે બનાવાય છે. આવા બુકે ખાસ તો દિવાળીમાં ફિટનેસ પ્રિય લોકો માટે તૈયાર થયા છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## ફટાકડા એવા સ્થળે ફોડો કે જ્યાં નહીં હોય કોઈ વસતી, ધ્યાન રાખો કે ના મટી જાય કોઈ પરિવારના લાડલાની હસતી..




ફોડો ભલે ફટાકડા પણ ના ફોડશો ગમે તેમ, નહીં તો થઈ જશે કોની જિંદગી આમતેમ... ના થાય હેરાન વાહનચાલક કે ના થાય હેરાન લોકો, રોકેટ ફોડતી વખતે સંભાળજો દિશા અને જોજો મોકો... તમારી મસ્તીમાં લાગશે ક્યાંક આગ, તો બરબાદ થઈ જશે કોઈકની જિંદગીની આશ... પર્વ ભલે ઉજવો પણ ખુશીનો ચિરાગ કોઈનો ના બુઝાવો...